## <u>મંગળવાર, તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૮</u>

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

**૨. માનનીય શિક્ષણ મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ પ્રસ્તાવ રજૂ કર્યો કે ''આ સભાગૃહ ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ -૧૯૭૨ની કલમ ૩(૨) વર્ગ-ખ ચૂંટાયેલા સભ્યો પેટા કલમ-૧૦ની જોગવાઇ મુજબ, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ ઉપર ગુજરાત વિધાનસભાના પાંચ સભ્યશ્રીઓની ચૂંટણી કરવાનું કામ હાથ ધરે.''

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**૩. માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી ગણપતસિંહ વસાવાએ પ્રસ્તાવ રજૂ કર્યો કે '' આ સભાગૃહ ભારતના બંધારણના પરિશિષ્ટ-૫ના ફકરા-૪ હેઠળ સરકારના શિક્ષણ અને મજૂર વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલ તા. ૧૯-૦૮-૬૦ના જાહેરનામાં ક્રમાંક-ટીએસી/૧૨૬૦/ગ અન્વયે ગુજરાત આદિજાતિ સલાહકાર પરિષદ માટે વિધાનસભામાંથી અનુસૂચિત આદિજાતિના ચૂંટાયેલા પ્રતિનિધિઓ પૈકી પંદર સભ્યોની ચૂંટણી કરવાનું કામ હાથ ધરે.

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**૪. માનનીય સહકાર મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય સહકાર મંત્રીશ્રી ઇશ્વરસિંહ પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે '' આ સભાગૃહ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૫૬(૧) (૫) મુજબ ગુજરાત રાજય સહકારી પરિષદ ઉપર વિધાનસભાના ત્રણ સભ્યોની ચૂંટણી કરવાનું કામ હાથ ધરે. ''

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**૫. માનનીય પંચાયત મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય પંચાયત મંત્રીશ્રી જયદ્રથસિંહજી પરમારે પ્રસ્તાવ રજૂ કર્યો કે '' આ સભાગૃહ સન ૧૯૯૩ના ગુજરાત પંચાયત અધિનિયમની કલમ-૨૬૬ની પેટા કલમ-૧ (ગ) ના ખંડ-(૬) મુજબ રાજય પંચાયત પરિષદ ઉપર વિધાનસભાના ત્રણ સભ્યોની ચૂંટણી કરવાનું કામ હાથ ધરે.

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**૬. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

માનનીય અધ્યક્ષશ્રીએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સેનેટ ઉપર ત્રણ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સેનેટ ઉપર બે, સરદાર પટેલ યુનિવર્સિટીની સેનેટ ઉપર બે, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની સેનેટ ઉપર બે, ગુજરાત યુનિવર્સિટીની કોર્ટ ઉપર બે, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત

યુનિવર્સિટીની કોર્ટ ઉપર બે, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીની સેનેટ ઉપર બે, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીની કોર્ટ ઉપર એક અને ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટીની કોર્ટ ઉપર એક, આમ જુદી જુદી યુનિવર્સિટીની સેનેટ કે કોર્ટ ઉપર ગુજરાત વિધાનસભાના પ્રતિનિધિઓની તેમજ અંદાજ સમિતિ, જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ, તેમજ પંચાયતી રાજ સમિતિ પર ૧૫-૧૫ સભ્યોની ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી.

**૭ . સભાગૃહે મંજૂર કરી પસાર કરેલ સરકારી વિધેયક**

(૧) સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક-૫-સન ૨૦૧૮નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક

(૨) સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક-૩-સન ૨૦૧૮નું ગુજરાત ખેતીની જમીનના ટુકડા અટકાવવા તથા તેનું એકત્રીકરણ કરવા બાબતનું (સુધારા) વિધેયક.